# બાયડ નગરપાલિકા ગ્રામ પંચાયતમાં જાય તેવા ભણકારા

મોડાસા, તા. ૨૯

રાજ્ય સરકારે વિધાનસભા ગૃહમાં ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા વિધેયક લાવતા ૨૫,૦૦૦ થી ઓછી વસતી ધરાવતી પાલિકાઓ ફરીથી ગામપંચાયત બનશે જેથી બાયડ નગરપાલિકાનો દરજ્જો છિનવાય જવાનો ભય ઉભો થયો છે. સરકારી દફતરે બાયડ નગરપાલિકાની માનવ વસ્તી ૨૫૦૯૯ બોલી રહી છે પરંતુ વાસ્તવમાં બાયડ નગરપાલિકાના ૭ વોર્ડની માનવ વસ્તી ૧૭૮૮૬ હોવાનું બહાર આવ્યું છે. સરકારી દફતરે જિલ્લા કક્ષાએ ૭૨૧૩ માનવ વસ્તી કેવી રીતે વધી ગઈ તેને લઈને અનેક તર્ક વિતર્ક થઈ રહ્યો છે.

૨૦૦૬ માં બાયડ નગરપાલિકાને રાજ્ય સરકારે પાલિકાનો દરજ્જો આપતા બાયડની પ્રજામાં મલકાટ જોવા મળ્યો હતો. પરંતુ છેલ્લા ૮ વર્ષમાં પ્રજા બાયડ પાલિકાના વહીવટથી રીતસરની તંગ આવી ગઈ છે. અને આના કરતા ગામ પંચાયતનો વહીવટ સારો થતો હતો તેવુ જગજાહેર બોલી રહ્યા છે. ૨૦૦૬ માં અસ્તિત્વમાં આવી હતી. ત્યારે કોંગ્રેસ આ મામલે સરકાર પર પ્રહારો કરી રહી છે અને જણાવે છે કે આ સરકાર કોઈપણ જાતના વિચાર કર્યા વગર નીતિ નિયમો બનાવે છે જેનો લોકો વિરોધ કરી રહ્યા છે.



(તસવીર : બાબુભાઈ પટેલ)

## સ્વાગત ઓનલાઈનનું કોમ્પ્યુટર ગાયબ અને ગ્રામજનો ઈ-સેવાથી વંચિત

વડાગામ પાસે આવેલ બોરિયા-જગાપુર ગૃપ ગ્રામ પંચાયતને અણિયોડથી જુદા પડ્યે સોળ વર્ષના વ્હાણા વહી ગયા હોવા છતાં ઈ-ગ્રામની સુવિધા માટે અલગ કોડ ફાળવાયો નથી. તંત્રની લાપરવાહીના કારણે છેલ્લા પાંચ વર્ષથી માત્ર કોડ ના ફાળવવાના લીધે સરકાર દ્વારા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ માટે આપવામાં આવેલા તમામ ઉપકરણોની સ્થિતિ ખાડે જવા પામી છે અને કોમ્પ્યુટર સીસ્ટમ તો ગાયબ જ થઈ ગયું છે. આ બાબતે ગ્રામજનો દ્વારા અનેકવાર લેખિત-મૌખિક રજુઆતો કરવા છતાં આજ દિન સુધી કોઈ જ પગલાં લેવાયા નથી. ગતિશીલ ગુજરાતમાં ઈ-સેવાથી વંચિત બોરિયા-જગાપુર ગામના ગ્રામજનોમાં ભારે રોષની લાગણી પ્રવર્તી રહી છે.

# તલોદમાં લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો

તલોદ, તા. ૨૯

જિલ્લાની -જાની ફરીયાદો, રજૂઆતોનું સમય મર્યાદામાં સ્થાનિકકક્ષાએ નિરાકરણ લાવવાના હેતુથી ગતિશીલ ગુજરાત અંતર્ગત



(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

રાજય સરકાર ધવારા દરેક તાલુકામાં લોકસંવાદ સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાનો સાતમો લોકસંવાદ સેતુ તલોદના કોમ્યુનિટી હોલ ખાતે જિલલા -ભારી અને ગૃહ રાજયમંત્રી રજનીકાન્ત પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ -સંગે મંત્રીએ જણાવ્યું હતું કે, સામાન્ય જન-જનને પોતાના ૈ- સંદર્ભે યોગ્ય જવાબ મળે અને તે સંતોષની લાગણી થાય તે માટે સરકાર -તિબધ્ધ છે. અધિકારીઓ-પદાધિકારીઓ અને અરજદારોના ત્રિવેણી સંગમથી દરેક ૈનો સકારાત્મક દિશામાં ઉકેલ લાવવા માટે લોકસંવાદ સેતું કારગત નિવડયો હોવાનું મંત્રીએ કહયું હતું. અધિકારીઓ ગંભીરતા દાખવીને રજુ થયેલા ૈનો સમયમર્યાદામાં નિકાલ આવે તે દિશામાં કામ કરવાની સૂચના મંત્રીએ આપી હતી.

આ લોક સંવાદ સેતુ કાર્યક્રમમાં રસ્તાને લગતા ૫૫, પાણીના ૧૧, આવાસના ૩, કાયદો અને વ્યવસ્થાના ૫, દબાણના ૮, ભૌતિક સુવિધાના ૩૦, જી.ઈ.બી.ને લગતા ૨૧ અને અન્ય ૪૮ મળી કુલ ૧૯૨ ૈ રજુ થયા હતા.

કાર્યક્રમાં સાસંદ દિપસિહ રાઠોડ, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, વી.ડી.ઝાલા, જિલ્લા પંચાયતના પૂર્વ -મુખ જયેન્દ્રસિંહ રાઠોડ, -ાંત એચ.કે.મોદી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તેમજ અધિકારીઓ-અરજદારો ઉપસથિત રહયા હતા.

# CRPFમાં સિપાહી / ટેકનીકલ ટ્રેડસમાં ભરતી થવા ગુજરાતના યુવાનોને સારી તક

પાલનપુર, તા. ૨૯

સીઆરપીએફ ગૃપ કેન્દ્ર ગાંધીનગરના કમાન્ડન્ટશ્રી દ્વારા જણાવ્યા -માણે સિપાહી/ટેકનીકલ ટ્રેડસમેન ૨૦૧૪-૧૫ ની જગ્યાઓ માટે ભરતી થવા ઈચ્છતા ગુજરાતના ઉમેદવારો તા. ૫-૧૨-૨૦૧૪ સુધીમાં મળે તે રીતે અરજી કરી શકે છે. વય મર્યાદા ૧૮ થી ૨૩ વર્ષ અને મેટ્રીક લેવલની બોર્ડની પરીક્ષા પાસ,,ડ્રાઈવરની જગ્યા માટે ટ્રાન્સપોર્ટ વાહન ચલાવવાનો અનુભવ, તેમજ આઈટીઆઈ ફીટરની પરીક્ષા પાસ ઉમેદવારો પણ અરજી કરી શકે છે. આ માટે ફીઝીકલ ટેસ્ટ અને લેખીત પરીક્ષા લેવામાં આવશે. લેખીત પરીક્ષા તા. ૧૫-૨-૨૦૧૪ ના લેવાશે.

લાયકાત ધરાવતા અને ભરતી થવા ઈચ્છતા ઉમેદવારો નિયત નમુનામાં Appendix-A ના ફોર્મમાં જરૂરી વિગતો ભરી તા.૫-૧૨-૨૦૧૪ ના સાંજે ૫ વાગ્યા સુધીમાં મળે તે રીતે અરજી કરી શકે છે. અરજી મોકલવાનું સરનામુ - કાર્યાલય ઉપ મહા નિરીક્ષકશ્રી,ગૃપ કેન્દ્ર, કેન્દ્રીય રીઝર્વ પુલીસ બલ, સી.આર.પી.એફ.,ચિલોડા રોડ,,ગાંધીનગર,ગુજરાત-૩૮૨૦૪૨. અરજી સાથે ૪ ૬ ૯ ની સાઈજના ચાર કવર રૂ.૨૭-૦૦ ની પોસ્ટેજ સ્ટેમ્પ લગાવેલા પોતાના નામ ,સરનામાવાળા બીડવા. તેમજ રૂ. ૫૦-૦૦ ની કિમતનો આઈપીઓ/ડીમાન્ડ ડ્રાફ્ટ ડેપ્યુટી ઈન્સપેક્ટર જનરલ ઓફ પોલીસ ના નામનો બીડવો. એસ.સી. એસ. ટી., મહિલા ઉમેદવારો અને એકસ સર્વિસમેનને ફીમાંથી મુકિત આપવામાં આવી છે. આ અંગે વધુ માહિતી અને માર્ગદર્શન મેળવવા ગુજરાતના ઉમેદવારો GC CRPF ગાંધીનગર, the DIGP, ગ્રુપ સેન્ટર, CRPF ચિલોડા રોડ,ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૪૨ ઉપર સંપર્ક કરી શકે છે. સંપર્ક માટે હેલ્પ લાઈન ફોન નં. ૦૭૯ ૨૩૨૨૦૧૦૯૩ છે. આ અંગે CRPF ની વેબસાઈટ www.crpf.gov.in or www.crpf.nic.in ઉપર પણ સંપર્ક કરી શકાશે.. ઈ-મેઈલ આઈ ડી આ -માણે છે. gcgnr@crpf.gov.in

# ગઢના ટોકરીયા ગામેથી ગેરકાયદેસર કતલખાનું ઝડપાયું

ડીસા, તા. ૨૯

ડીસા વિભાગીય પોલીસ વડા એચ. આર. દેસાઈ અને તેમની ટીમે ગત મોદી રાત્રે ગઢ પોલીસ સ્ટેશન હદમાં આવેલા ટોકરીયા નામના ગામમાં એક ઈસમના મકાનમાં બાતમી આધારે દરોડો પાડ્યો હતો. આ દરોડામાં પોલીસને મકાનમાંથી બે ગાયોની ચામડું ઉતારી કતલ કાયેલ દેહો હાથ લાગ્યા હતા. જયારે અન્ય ૩ પશુના પણ મૃત અવશેષો મળતા કુલ પાંચ પશુ કતલ થયા હતા. જયારે અને પાંચ જીવિત પશુ મળી આવતા પોલીસે આ ગેરકાયદેસરનાં વેપલામાં ઝડપાયેલા ૩ વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

બનાસકાંઠાના ગઢ પોલીસ હદમાં આવેલા ટોકરીયા ગામે કેટલાક ઈસમો અબોલ પશુ ગાયની કતલ કરી તેના માસને ગેરકાયદેસર રીતે વેચાણ કરતા હોવાની બાતમી ડીસા વીભાગના વિભાગીય પોલીસ વડા એચ. આર. દેસાઈને મળી હતી. આ સંવેદનશીલ કાઈમની હકીકત મળતા પોલીસ પણ ચોકી ઉઠી હતી. જે બાદ એચ. આર. દેસાઈ વિભાગીય પોલીસ વડા - ડીસા અને પોલીસે મોટા કાફલા સાથે બાતમી આધારે દરોડો પાડ્યો હતો. જેમાં તબેલામાંથી ૫ ગાયોનાં કતલ કરાયેલા મૃતદેહો મળી આવ્યા હતા. જયારે અન્ય કતલ માટે લવાયેલા બે ગાયો અને ૩ બળદ સહીતના પાંચ પશુ પણ પોલીસને હાથ લાગતા પોલીસે તમામ મુદામાલ કબજે કર્યો હતો. આ ગુનાહિત કૃત્ય આચરનાર સ્થાનીક ટોકરીયા ગામનો રહીશ એવો આરોપી (૧) ઈરફાન તીરસિયા (૨) મસબર કાળું શેખ મુલ-રહે -બિહાર હાલ અમદાવાદ (૩) મહમદ ઝાકીર શેખ રહે, દરિયાપુર લીમડા ચોક અમદાવાદવાળા આરોપીઓને ઝડપી પાડ્યા છે. જયારે અન્ય આરોપી ફરાર થઈ ગયા હતા. આ કામે પોલીસની -ાથમિક તપાસમાં બહાર આવેલ છે કે સ્થાનિક આરોપી ઈરફાન અહી ભેસોનો તબેલો ચલાવતો હતો અને અમદાવાદના બે કસાઈના સંપર્કમાં આવતા અહી તેને ગેરકાયદેસર કતલખાનું ચાલુ કરી ગાયોનાં માસને નફા માટે અમદાવાદ વેચાણ કરતો હતો. પોલીસે ઝડપાયેલા માસના જથ્થાને જમીનમાં દાટી યોગ્ય નિકાલ કરી ઝડપાયેલા અન્ય ૫ અબોલ પશુને ડીસા રાજપુર પાંજરાપોળ ખસેડેલ છે. પોલીસે આ ઝડપાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધ આઈ.પી.સી. કલમ ૪૨૯ અને પશુ સરક્ષણ અધિનિયમ કલમ ૫, ૬, ૮, મુજબ ગુનો દાખલકરી કાર્યવાહી હાથ ધરેલ છે.



# નવોદય વિદ્યાલયની ટીમ ચિલ્ડ્રન સાયન્સ પ્રોગ્રામમાં પ્રથમ ક્રમે વિજેતા

ડીસા, તા. ૨૯

બનાસકાંઠા જિલ્લાના મુખ્યાલય પાલનપુર ખાતે તાજેતરમાં નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસના પ્રોગ્રામનું સુંદર આયોજન એન.આઈ.સી. પાલનપુરની સ્કૂલમાં કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાભરના વિદ્યાર્થીઓએ પોતાના પ્રોજેક્ટ રજુ કર્યા હતા. જો કે જવાહર નવોદય વિદ્યાલય દાંતીવાડાના વિદ્યાર્થીઓએ મેદાન માર્યુ હતુ અને પ્રથમ નંબર લાવતા સ્કૂલ વિદ્યાર્થી ગણ અને શિક્ષકોમાં આનંદની લાગણી છવાઈ હતી.

બનાસકાંઠા જિલ્લાની એન.આઈ.સી. પાલનપુરની સ્કૂલ ખાતે તાજેતરમાં નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસના પ્રોગ્રામનું આયોજન કરાયું હતું. આ પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓની સુસુપ્ત શક્તિઓ બહાર આવે અને જ્ઞાન અને વિજ્ઞાનના સમન્વયથી વિદ્યાર્થી કઈક નવો આવિષ્કાર કરે તેવી પ્રેરણા અપાતા જિલ્લાની મોટાભાગની સ્કૂલોના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લઈ પોતાની વિવિધ કૃતિ-પ્રોજેક્ટનું પ્રેજેન્ટેશન રજુ કર્યુ હતુ.

જેમાં જવાહર નવોદય વિદ્યાલય દાંતીવાડામાં અભ્યાસ કરતા માસ્ટર હર્ષ માલોસનીયા, માસ્ટર ગોસ્વામી રાજ, માસ્ટર હિતેશ બડિયા, માસ્ટર પરેશ વિરાજ અને માસ્ટર મિલન રાઠોડની ટીમે શ્રી જયેશકુમાર પી. પટેલ, જી.ટી.સી. સાયન્સના માર્ગદર્શન હેઠળ જિલ્લાની આ સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. આ પ્રસંગે નવોદય વિદ્યાલય પ્રિન્સિપાલ એમ.આર. સૂર્યવંશીએ તમામ સ્પર્ધક વિજેતા વિદ્યાર્થીઓનું સન્માન કરી તેમને પ્રસસ્તી પત્ર એનાયત કરેલ છે.



## પાલનપુરમાં દબાણો હટાવવાનું નાટક ભજવાયુ

પાલનપુરમાં મુખ્યમંત્રી ઓનલાઈન કાર્યક્રમમાં થયેલ ફરિયાદને આધારે નગરપાલિકાની ટીમ દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશમાં દુકાનોના ઓટલા અને લારી-ગલ્લા-ફેરિયાઓને ભગાડી મુકાયા હતા પરંતુ કેટલાક વગદાર-માલેતુજાર દબાણકર્તાઓના દબાણોને ઉની આંચ આવી નહોતી. હાલમાં શિયાળાના ગરમ વસ્ત્રોનું વેચાણ કરનારાઓ પૈકી નગરપાલિકામાં દબાણ પેટે રકમ ભરેલ હોય તેને યથાવત રાખી અન્યોને ખસેડવામાં આવ્યા હતા. આ ઝુંબેશની કામગીરી અંગે નગરજનોએ ભારે ટીકા-ટીપ્પણી અને આક્ષેપો કર્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં સીસી ટીવી કેમેરા લગાડાશે

પાલનપુર, તા. ૨૯

આગામી માર્ચ ૨૦૧૫ માં યોજાનાર ધો. ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષા સમયે સીસીટીવી ગોઠવીને પરીક્ષા લેવા જીલ્લા શિક્ષણાધિકારીશ્રી બનાસકાંઠાની કચેરી પાલનપુર દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. તા. ૨૫ ના રોજ પાલનપુર ખાતે પરીક્ષા સ્થળના આચાર્યોની બેઠક યોજાઇ હતી. જેમાં જીલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આ પરીક્ષા સીસીટીવી કેમેરા સાથે લેવાય તે માટે કેમેરા ગોઠવવા અંગેની કામગીરી તાકીદે પૂર્ણ કરવા આચાર્યશ્રીઓને જણાવ્યુ હતું. તેમણે કહયું કે પરીક્ષા શાંત વાતાવરણમાં પારદર્શક અને નિર્ભય રીતે લેવાય તે માટે આ કામગીરી તાકીદે હાથ ધરવી.




(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

## યામાહા-ગ્રોમોર વચ્ચે એજ્યુકેશન ટ્રેનીંગ એમઓયુ કરાયું

યામાહા મોટર અને ગ્રોમોર ફાઉન્ડએશન, હિંમતનગર વચ્ચે એમઓયુ સાઈનીંગ પ્રોગ્રામ યોજાયો હતો. જેમાં યામાહાના વાઈસ પ્રેસીડન્ટ રવિન્દર સિંગે જણાવ્યું હતું કે, કંપનીનો મુખ્ય હેતુ મધ્યમ અને ગરીબ વર્ગના યુવાનોમાં સ્કીલ ડેવલોપ કરવા તથા પ્રોત્સાહિત કરવા ઉપરાંત તેમને યામાહા ડીલરશીપ પર ગેરેંટેડ નોકરી મળે તેવા હેતુથી ટુંક સમયમાં હિંમતનગર ખાતે 'યામાહા ટ્રેનીંગ સ્કૂલ' શરૂ કરવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓને કોર્સ પત્યા પછી યામાહા ટેકનીકલ એકેડમીનું સર્ટીફિકેટ આપવામાં આવશે. વાયટીએસ સૌપ્રથમ ગુજરાતમાં લાવવા માટે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ડીલર એક્ષપર્ટ યામાહાના નલીનભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી.

## સાબરકાંઠા-અરવલ્લીના વાલ્મિકી સમાજની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે તાજેતરમાં વાલ્મિકી સમાજની સાધારણ સભા મળી હતી. પ્રમુખ આર.કે. ચૌહાણના અધ્યક્ષપદે મળેલી આ સભામાં સભ્યોએ બહોળી સખ્યામાં ઉપસ્થિતિ નોંધાવી હતી આ સાધારણ સભામાં વિકાસના નવા કામો, સન્માનો, તૃતીય સમુહ લગ્ન અને વ્યસન મુકિતના કામોના ઠરાવો કરાયા હતા તાજેતરમાં સંસ્થાના કારોબારી અધ્યક્ષ ગોરધનભાઈ રાઠોડ મોડાસાવાળાનું દુઃખદ અવસાન થયું હોવાથી મૌન પાળીને તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ ઉપરાંત આ સભામાં સમાજલક્ષી ચર્ચાઓ બાદ વાર્ષિક અહેવાલ રજુ કરાયો હતો અન સર્વાનુમતે હિસાબો પાસ કરવામાં આવ્યા હતા.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧